©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] WEDNESDAY, 23rd JULY, 2025/SRAVANA 01, 1947 [No. 4185

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસૂચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯

નિયમ-૨૬(૧) અને ૨૬(૩) ની જોગવાઈ હેઠળ

(નમૂના-''ઝ'' મુજબ)

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૮૨ (તાતીઝગડા-એરથાણ)

નં. ન.ર.યો./સુરત નં. ૮૨ (તાતીઝગડા-એરથાણ)/જનરલ ફાઈલ/૩૫૨૩/૨૦૨૫.-હું નીચે સહી કરનાર નગર રચના અધિકારી અને નગર નિયોજક-૫, સુરત નગર રચના યોજના, એકમ-૧, સુરત આથી તમામ હિત ધરાવતી અને સંબંધિત વ્યક્તિઓને જાણ કરૂ છું કે, ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૦૨-૦૭-૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંક : જીએચ/વી/૨૨૩ ઓફ ૨૦૨૫/UDUHD/TPS/e-file/૧૮/૨૦૨૪/૨૭૩૨/લ થી મંજૂર કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૮૨(તાતીઝગડા-એરથાણ)ને આખરી કરવા માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૦૨-૦૭-૨૦૨૫ના અધિસુચના ક્રમાંક : જીએચ/વી/૨૦૨૫ નો ૨૨૪/UDUHD/TPS/e-file/૧૮/૨૦૨૪/૨૭૩૨/લ થી અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૦ની પેટા કલમ-૧ અન્વયે પ્રાપ્ત થતી સત્તાની રૂએ નગર નિયોજક-૫, પ્રવર નગર નિયોજકશ્રીની કચેરી, નગર રચના યોજના, એકમ-૧, સુરતની નગર રચના અધિકારી તરીકે હોદ્દાની રૂએ નિમણૂક કરવામાં આવેલ છે. જેની પ્રસિધ્ધિ ગુજરાત સરકારના તા. ૦૩-૦૭-૨૦૨૫ ના એક્સ્ટ્રા ઓર્ડિનરી રાજ્યપત્ર Vol LXVI, પાર્ટ IV-B ના પાના નં. ૨૮૦-૧ ઉપર થયેલ છે.

આથી, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૨૬ના પેટા નિયમ-(૧) થી ઠરાવ્યા મુજબ, હું આથી એવી નોટીસ આપુ છું કે, મેં તા. ૧૭-૦૭-૨૦૨૫ને ગુરુવાર ના રોજ નગર રચના અધિકારી તરીકેની કાયદાકીય ફરજો સંભાળી લીધેલ છે.

મુસદ્દારૂપ નગર રચના યોજના, નં. ૮૨(તાતીઝગડા-એરથાણ)ની ચતુર્સીમાની વિગતો નીચે મુજબ છે.

ઉત્તરે : સુચિત નગર રચના યોજના નં.૮૦(ચલથાણ-કરાળા-તળોદરા-વાંકાનેડા) અને ૮૧(કરણ-સાંકી) ની હદ

દક્ષિણે : સુચિત નગર રચના યોજના નં.૮૪(બલેશ્વર-વડદલા-ઈસરોલી) ની હદ.

પૂર્વે : સુચિત નગર રચના યોજના નં.૮૩(બલેશ્વર-સાંકી) અને ૮૪(બલેશ્વર-વડદલા-ઈસરોલી) ની હદ

પશ્ચિમે : મોજે.તાતીઝગડા અને એરથાણની મંજૂર વિકાસ યોજના-૨૦૩૫ મુજબ સ્થિત થયેલ ખેતીની જમીનો

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૮૨(તાતીઝગડા-એરથાણ)માં સમાવિષ્ટ બ્લોક નંબરોની વિગત નીચે મુજબ છે.

મોજે : તાતીઝગડાના રે.સ.નં/બ્લોક નં. : ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૯/બી, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૩૪, ૩૮, ૩૯, ૪૪, ૪૫, ૪૬, ૪૭/૧, ૪૭/૨, ૪૭/૩, ૪૭/૪, ૪૭/૫, ૪૭/૬, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨/એ, ૫૨/બી, ૫૩/પી, ૫૩/એ, ૫૩/બી, ૫૩/સી, ૫૪/એ, ૫૪/બી, ૫૫, ૫૬/એ, ૫૬/બી, ૫૬/સી, ૫૭, ૫૮, ૫૯/એ, ૫૯/બી, ૬૦/એ, ૬૦/બી, ૬૧, ૬૨/એ, ૬૨/બી, ૬૨/સી, ૬૩, ૬૪, ૬૫, ૬૬, ૬૭/એ, ૬૭/બી, ૬૮, ૬૯/એ, ૬૯/બી, ૭૦, ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૫, ૭૬, ૭૭/એ, ૭૭/બી, ૭૮, ૭૯, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮/એ, ૮૮/બી, ૮૯, ૯૦, ૯૧, ૯૨/એ, ૯૨/બી, ૯૩, ૯૪, ૯૫, ૯૬, ૯૭, ૯૮, ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૦૨/એ, ૧૦૨/બી, ૧૦૩, ૧૦૪, ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૦૮, ૧૦૯, ૧૧૦, ૧૧૧, ૧૧૨, ૧૧૩, ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૮, ૧૧૯, ૧૨૦, ૧૨૧, ૧૨૨, ૧૨૩/એ, ૧૨૩/બી, ૧૨૪, ૧૨૫, ૧૨૬, ૧૨૭, ૧૨૮, ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૩૨, ૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૪૨, ૧૪૩, ૧૪૪, ૧૫૦/એ, ૧૫૦/બી, ૧૫૧, રોડ અને ખુલ્લી જગ્યા

મોજે : એરથાણના રે.સ./બ્લોક નં. : ૨૦૨, ૨૦૩

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ કરેલ નિયમોના નિયમ-૨૬(૩) થી ફરમરાવ્યા પ્રમાણે હું આથી તમામ હિત ધરાવતી વ્યક્તિઓને અથવા ઉપરની નગર રચના યોજનામાં સમાવિષ્ટ કોઈપણ બાબતથી અસર પામેલી વ્યક્તિઓને જાણ કરૂ છું કે, તેઓને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૫૨માં જણાવેલી બાબતોના સંબંધમાં સરકારના રાજપત્રમાં આ જાહેરનામુ પ્રસિધ્ધ થયાના ૨૦(વીસ) દિવસની અંદર પોતાના વાંધા જરૂરી પુરાવા અને દસ્તાવેજો સાથે મારી સમક્ષ લેખિતમાં જણાવવા. ઉપરની નગર રચના યોજનાથી પ્રતિકૂળ અસર થયેલ કોઈપણ વ્યક્તિ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૮૨ અનુસાર નુકસાની માટે હક્કદાર છે અને તેમણે તેના દાવાની વિગતો આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની ત્રણ મહિનાની અંદર જરૂરી દસ્તાવેજો અને જરૂરી પ્રમાણિત પુરાવા સહિત મારી સમક્ષ એફિડેવિટ સહ લેખિતમાં રજુ કરવા.

સરકારશ્રીએ મંજૂર કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૮૨(તાતીઝગડા-એરથાણ)ના મુસદ્દાની નકલ, જરૂરી તમામ દસ્તાવેજો, પત્રકો, પ્લાનો, નમુનાઓ જોવા માટે રજાના દિવસો સિવાય તમામ દિવસોએ કચેરીના સમય દરમ્યાન નીચે જણાવ્યા મુજબની નગર રચના અધિકારીની કચેરીમાં ખુલ્લી રાખવામાં આવશે અને જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને અને નગર રચના યોજનાની દરખાસ્તોથી અસર પામેલી કોઈપણ વ્યક્તિને ઉપરોક્ત કચેરીમાં યોજના જોવાની તથા યોજનાની દરખાસ્તો સમજવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

સ્થળ : સુરત.
તા : ૧૭-૦૭-૨૦૨૫

પી. એન. તિવારી
નગર રચના અધિકારી અને
નગર નિયોજક-૫,
સુરત નગર રચના યોજના, એકમ-૧
સુરત.

કચેરીનું સરનામું :
નગર રચના અધિકારી અને નગર નિયોજક-૫,
પ્રવર નગર નિયોજકશ્રીની કચેરી,
સુરત નગર રચના યોજના, એકમ-૧,
પાંચમો માળ, સુડા ભવન, આગમ આર્કેડની સામે,
વેસુ-આભવા રોડ, વેસુ, સુરત-૩૯૫૦૦૭
Email : stp-tpo1-srt@gujarat.gov.in

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.07.24 16:43:50 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot